હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાને મંત્રીમંડળમાં સ્થાન મળવાની સંભાવના

રાજેન્દ્રસિંહ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા હતા અને વિધાનસભામાં વિજય મેળવ્યો હતો

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા લોકસભા અને હિંમતનગર વિધાનસભામાં ભાજપનો ભવ્ય વિજય થતાં કાર્યકરોમાં આનંદની છોળો ઉડવા પામી છે. લોકસભામાં ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડ પુર્વ મુખ્યમુંત્રી શંકરસિંહ વાઘેલાને ૮૬ હજારથી પણ વધારે મતોની લીડથી હરાવી વિજયી બન્યા છે. જ્યારે હિંમતનગર વિધાનસભામાં ભાજપના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડાનો ભવ્ય વિજય થયો છે. કોંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામુ આપતા ભાજપે રાજેન્દ્રસિંહ ચાવડાને ઉમેદવાર બનાવ્યા હતા અને તેમનો વિજય થતાં એવું મનાઈ રહ્યું છે કે રાજેન્દ્રસિંહ ચાવડાને મંત્રીમંડળમાં સ્થાન મળશે.



ગત વિધાનસભામાં સાબરકાંઠા જિલ્લાની સાત વિધાનસભામાંથી ૬ બેઠકો કોંગ્રેસે મેળવી હતી. પાછળથી રાજેન્દ્રસિંહ ચાવડાએ કોંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામુ આપતાં ભાજપે તેની નોંધ લઈ તેમને હિંમતનગર વિધાનસભાની ટીકીટ આપી હતી અને તેઓ વિજયી બન્યા હતા જેના કારણે તેમને મંત્રીમંડળમાં સ્થાન મળશે જ તેવી જોર શોરથી ચર્ચા ચાલી રહી છે. ટુંક સમયમાં પ્રધાનમંડળનું વિસ્તરણ થનાર છે. ત્યારે જોવું રહ્યું શું થાય છે ?

મોદી ચેમ્પિયનની અદાથી લડયા અને જીત્યા

ફકત ભંડોળ કે આયોજન નહી દરેક મોરચે ભાજપનું શ્રેષ્ઠ પ્લાનીંગ હતું : કોંગ્રેસ તેના સેનાપતિને બચાવવામાં જ વ્યસ્ત રહી

ગાંધીનગર, તા.૧૯

લોકસભા ચૂંટણીના મતગણતરી સમયે જયારે ભારતીય જનતા પક્ષની બેઠકોનો ગ્રાફ સતત વધતો જતો હતો અને કોંગ્રેસ હારતી જ રહી-હારતી જ રહી અને હારતી જ રહી તે સમયે એક ક્ષણ માટે બોકસીંગની રીંગ જેવી સ્થિતિ બની હતી. બોકસીંગની રીંગમાં જેમ કોઈ બોકસર તેના પ્રતિસ્પર્ધીને મૂક્કા પર મૂક્કા મારતો હોય અને લોહીલૂહાણ કરી દે તથા તેના જીવન પર જોખમ સર્જાય તો રેફરી તૂર્ત જ ફાઈટ થંભાવી દે છે. બોકસીંગની રીંગની વાત જુદી છે પણ આ ઈલેકશનની રીંગમાં તે શકય ન હતું અને ભાજપે અંતીમ પંચ મારીને કોંગ્રેસને રીંગ બહાર ધકેલી દીધી કોંગ્રેસની હાલત એવી થઈ છે કે તે મુખ્ય વિપક્ષ તરીકે બેસવાને લાયક રહ્યો નથી. દેશના ઈતિહાસમાં આથી કરૂણ હાર કોંગ્રેસની કદી થઈ નથી. આ ચૂંટણીમાં ભાજપના વિજય સાથે નરેન્દ્ર મોદીએ જે રીતે ચૂંટણી લડી તે માટે પણ ઈતિહાસમાં લખાશે ફકત ભંડોળ કે ટેકનોલોજીની દૃષ્ટએ જ નહી વ્યુહો અને પૂર્વતૈયારીના ભાગરૂપે પણ ભારતે જોયેલી આ શ્રેષ્ઠ ચૂંટણી હતી. ભાજપે એક એક બેઠક માટે માઈક્રો પ્લાનીંગ કર્યું અને તે જ પ્રમાણે આગળ વધ્યો તે સ્થિતિ રોજ બરોજ જોવા મળતી હતી. નરેન્દ્ર મોદીએ એકલા હાથે આ ચૂંટણી જીતી તે બધું દેશના મતદારોએ પ્રથમ વખત નિહાળ્યું

દેશના પહેલા મતદાર કે જેની ઉંમર ૧૦૦ વર્ષની આસપાસ હશે તેનાથી લઈ હજુ હમણાં જ ૧૮ વર્ષ પૂરા કરનાર યુવા મતદાર દરેક માટે મોદી પાસે કંઈ ને કંઈ હતું. ગ્રામીણ હોય કે શહેરી, મહિલા હોય કે પુરૂષ દરેક મતદારો મોદીના માટે મતદાન કરવા ઉત્સુક બની ગયા હોય તેવું ચિત્ર હતું. ભાગ્યે જ કોઈ બેઠક ઉપર નાતી જાતી લઘુમતી, બહુમતી તેવા ગણિત ચાલ્યા હશે. ૧૨૫ કરોડ ભારતીયો માટે ૮૦ કરોડથી વધુ મતદારોએ મતદાન કર્યું અને ફકત પોતાના માટે નહી પણ દેશ માટે મતદારો વિચારતા થયા તે શ્રેષ્ય નરેન્દ્ર મોદીને આપી શકાય.

મોદી અંતિમ ઘડીએ ધ્રુવીકરણ કરશે. લઘુમતિ બહુમતીની વાતો કરીને ધ્રુવીકરણ કરશે તેવું રાજકીય પંડીતો કહેતા હતા. પણ મોદીએ ૧૨૫ કરોડ લોકોની જ વાત કરી. દેશના મુસ્લિમ મતદારો જયાં સૌથી વધુ છે તેવા રાજયની બેઠકો ઉપર પણ ભાજપનું કમળ ખીલ્યું. ભાગ્યે જ કોઈ ઉમેદવારની લીડ થોડા હજાર મતમાં હતી. આ મોદીનો કરિશ્મો હતો તે સ્વીકારવું પડે. સામા પક્ષે કોંગ્રેસે આ ચૂંટણી જીતવા કોઈ તૈયારી કરી હતી? તે પ્રશ્ન છે. પ્રથમ તો ચૂંટણીમાં કોંગ્રેસ પૂર્ણ નેતૃત્વ હેઠળ લડે છે તે પ્રશ્ન ઉભો થયો.

મોદીના પ્રહારથી રાહુલને બચાવવા તેના વડાપ્રધાન પદના સત્તાવાર ઉમેદવાર જાહેર કર્યા નહી અને કોંગ્રેસ તે રીતે અડધી હાર દર્શાવી તો જે સૈન્યના સેનાપતિને બચાવવા માટે સૈન્ય લડતું હોય તે યુદ્ધ કઈ રીતે લડી શકાય તે પ્રશ્ન હતો. કોંગ્રેસની હાર માટે ઘણું કહી શકાય તેમ છે. ફકત એટલું જ કહી શકાય કે આ પક્ષે હવે ગાંધી કુટુંબથી આગળ વિચારવાની જરુર છે.

ભારત દેશને વૈશ્વિક શાંતિના અગ્રેસર બનાવવા માટે બેઠકમાં ભાર મુકતા ડૉ. ભુપેન્દ્ર મોદી

ગ્લોબલ ઈન્ડિયન્સની એક બેઠક ૧૫મી મે, અમદાવાદમાં મળી : ભારતીયોને પ્રેરણારૂપ બને તેવા એજન્ડાની રૂપરેખાના સર્જન માટે આ બેઠકમાં ભાર મુકાયો

ગ્લોબલ એજન્ડા ચાવીરૂપ ભાગ હનવાની શાંતિની જરૂરીયાત સારુ ગ્લોબલ ઈન્ડિયન્સની એક બેઠક તા. ૧૫મી મે, ૨૦૧૪એ અમદાવાદમાં મળી હતી. ભારતના સૌથી અપેક્ષિત રાષ્ટ્રવ્યાપી ચૂંટણી પરિણામોને અનુલક્ષીને યોજાયેલી આ બેઠકનું પ્રમુખ પદ ગ્લોબલ સીટીઝન ફોરમના સ્થાપક ડૉ. ભુપેન્દ્ર કે. મોદીએ સંભાળ્યું હતું. શાંતિ મારે વૈશ્વિક નેતૃત્વ માટે ભારતીયોને પ્રેરણારૂપ બને તેવા એજન્ડાની રૂપરેખા સર્જન માટે આ બેઠકમાં ભાર મુકાયો હતો.

ભારતીય આધ્યાત્મિક નેતૃત્વ માટે કટિબદ્ધ એવા દેશભરના તેમજ વિદેશમાં વસતા ભારતીય અગ્રણીઓએ આ બેઠકમાં હાજરી આપી હતી. મહત્વપૂર્ણ નેતાઓમાં યુએસએના દર્મ સિવિલાઈઝેશન ફાઉન્ડેશનના વડા મનોહર ચિંદેનો સમાવેશ થાય છે.

આ બેઠકમાં ભાગ લેનાર મહાનુભાવોએ ભારતને શાંતિ અગ્રણી તરીકે ઉભારવા સારુ માર્ગ કંડારવાનો તેમજ તે માટેનાં પગલાં લેવા માટેનો નકશો ઘડી કાઢવાના પ્રયાસો આદર્યા હતા. આ દેશો યુએસએ અને ચીન જેવા ધરખમ દેશોનું પ્રતિનિધિ કરતા હોવા છતાં વિશ્વના ઉભરી રહેલા દેશ તરીકે ભારતનો પણ તેમાં સમાવેશ થવો જોઈએ.

સલમામતી, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે બદલાવ લાવવા સારૂ વિચાર અને જ્ઞાન ક્ષેત્રે વિશ્વને સબળ નેતૃત્વ આપવા માટે નવા દેશો ભારત, ચીન અને યુવાઈટેડ સ્ટેટસની ત્રિપુટી સર્જાય તે માટે ગ્લોબલ સિટિઝન ફોરમ આથી ઠરાવે છે.

છેલ્લા ૧૦ વર્ષમાં ભારતનું દૃશ્ય બદલાઈ ગયું છે. કારણ કે ભારતના યુવકો ભારતનું ભવિષ્ય ઘડવા માટે પોતાની ભુમિકા ભજવવા માટે અધિક ઈચ્છુક થતાં મજબૂત યુવા મોજું રાષ્ટ્રભરમાં ફેલાઈ ગયું છે. આ પ્રસંગે બોલતાં ડૉ. મોદીએ જણાવ્યું કે વિશ્વની આશરે ૨૧૦ મિલિયન વસ્તી પ્રગતિના પંથે ભારતે ચાવી રૂપ ભૂમિકા ભજવવાની તક ઝડપવી જોઈએ.

શાહીબાગના ઘાંસીરામ હોલમાં અંધ મહિલાઓના સામૂહિક લગ્નના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પેટા ચૂંટણીમાં નવા ચૂંટાયેલા ધારાસભ્યની શપથવિધિ થઈ

ગાંધીનગર, તા.૧૯

તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીની સાથે સાથે ખાલી પડેલી ગુજરાત વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી યોજાઈ હતી જેમાં ચૂંટાઈ આવેલા પાંચ ધારાસભ્યોને આજે ગાંધીનગર ખાતે વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળાએ શપથ લેવડાવ્યા હતા.

વિધાનસભાના ઉપાધ્યક્ષ મંગુભાઈ પટેલ, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી ગણપતભાઈ વસાવાની ઉપસ્થિતિમાં ભારતીય જનતાપક્ષના ધારાસભ્ય ચાવડા રાજેન્દ્રસિંહ રણજીતસિંહ (૨૭-હિંમતનગર), જશાભાઈ બારડ (૯૦-સોમનાથ), ઉઘાડ બાવકુભાઈ નાથાભાઈ (૯૬-લાઠી-બાબરા), મહેતા પંકજ અનોપચંદ્ર (૬-રાપર) અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના રિબડીયા હર્ષદકુમાર માધવજીભાઈ (૮૭-વિસાવદર)ની શપથવિધી યોજાઈ હતી. આ પ્રસંગે દંડક પંકજભાઈ દેસાઈ, કુટિર ઉદ્યોગ અને મીઠા ઉદ્યોગમંત્રી વાસણભાઈ આહીર, સાંસદ મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્યો તેમજ મોટી સંખ્યામાં સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપે નરેન્દ્ર મોદીની પ્રચંડ લહેર વચ્ચે જોરદાર સપાટો બોલાવીને તમામ ૨૬ બેઠક જીતી લીધી હતી. પેટાચૂંટણીમાં પણ જોરદાર ટક્કર જોવા મળી હતી. ભાજપે દેશમાં લાંબા સમય બાદ ઈતિહાસ સર્જીને સ્પષ્ટ બહુમતિ મેળવી હતી.

આકોલીમાં મીર સમાજનો પાંચમો સમૂહ લગ્નોત્સવ યોજાયો

શિહોરી, તા.૧૯

આકોલી ગામે મીર સમાજનો પાંચમો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ સમૂહ લગ્નોત્સવમાં કાકરેચી, વાવેચી અને થરાદરી મીર સમાજના ૨૫ જોડાઓએ નિકાહ કબૂલ કર્યા હતા. આ સમૂહલગ્નોત્સવ આકોલી ગામની એલ.એમ. હસાણી હાઈસ્કૂલમાં યોજાયો હતો.

મીર સમાજના પાંચમા સમૂહ લગ્નોત્સવમાં કુલ ૨૫ જોડાઓએ નિકાહ પઢી સંસાર માંડયો હતો. આ સમૂહલગ્નોત્સવ માટે આકોલી ગામની એલ.એમ. હસાણી હાઈસ્કૂલના ટ્રસ્ટી દિનેશકુમાર શાહ, આચાર્ય બી.કે. ખંડેલવાલ અને આકોલી ગામના સરપંચ સહિત અનેક આગેવાનો અને ગ્રામજનોએ મીર સમાજને સાથ સહકાર પૂરો પાડયો હતો. આ સમૂહ લગ્નમાં દાતાઓ તરફથી દાનની સરવાણી વહી હતી અને અનેક ભેટ સોગાદો આપીને નવ વરવધુને હોંશથી વિદાય અપાઈ હતી. આ સમૂહલગ્નોત્સવની આમંત્રણ પત્રિકામાં મહેમાનોની યાદી લાંબી હતી જેમાં આકોલી ગામના સ્થાનિક આગેવાનો સિવાય થરાના અમરતલાલ ઠકકરનું પણ નામ હતું. આ સમૂહ લગ્નોત્સવમાં સાથ સહકાર આપવા બદલ વડાના મીર કાદરભાઈએ આકોલી ગામ પ્રત્યે આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન વિનોદ મીર વડાવાળાએ કર્યું હતું. આ સમૂહ લગ્નોત્સવમાં આકોલી સમસ્ત વાઘેલા પરિવાર તરફથી અપાયેલ રૂપિયા ૧૧૦૦૦ના કન્યાદાનને મીર સમાજે વધાવી આભાર માન્યો હતો.

નવા પશ્ચિમ ઝોન : વધારાના ૧૬ ક્વાટર્સ બનાવવા તૈયારી

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરમાં નવા પશ્ચિમ ઝોન ખાતે થલતેજ વિસ્તારમાં ટીપી ૩૭, ફાઈનલ પ્લોટ નંબર ૧૯૧ ખાતે હાલમાં ફાયર સ્ટેશન તેમજ સ્ટાફ ક્વાટર્સ બની રહ્યું છે. અત્યાર સુધી શહેરમાં ૩૨ જેટલા સ્ટાફ ક્વાટર્સ બની ગયા છે પરંતુ ફાયર સ્ટેશન તેમજ સ્ટાફ ક્વાટર્સની કામગીરીમાં વિસ્તારનું ડેવલપમેન્ટ જોતાં ફાયર વિભાગની માંગણી મુજબ વધારાના ૧૬ ક્વાટર્સ હાલમાં ફાયર સ્ટેશન તેમજ સ્ટાફ ક્વાટર્સ બનાવવાનું કામ કોન્ટ્રાક્ટર પીસી સ્નેહલને રૂા. ૮.૮૦ કરોડના ખર્ચે આપવામાં આવ્યું છે. આશ્ચર્યની વાત તો એ છે મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધારી પક્ષોને હવે યાદ આવી રહ્યું છે કે નવા પશ્ચિમ ઝોન ખાતે થલતેજ વિસ્તારમાં સ્ટાફ ક્વાટર્સ બનાવવાની જરૂર છે તેથી બીજા નવા ૧૬ ક્વાટર્સનો ઉમેરો કરવામાં આવ્યો. જો કે આ બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશનના વિરોધપક્ષના નેતા બદરૂદ્દીન શેખે વિરોધ કરતા જણાવ્યું હતું કે ૧૬ જેટલા ક્વાટર્સ બનાવવા માટે અંદાજ રૂા. ૧૦.૪૬ કરોડ તથા સમયમર્યાદા પણ વધી જાય તેમ છે. આ કામ ટેન્ડર પ્રક્રિયા કર્યા વગર બારોબાર કામ આપી સત્તાધારી પક્ષના માનીતા કોન્ટ્રાક્ટરને ફાયદો કરાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. જેથી કામ પરત મંગાવી ફરીથી ટેન્ડર મંગાવવા માટે તેઓએ જણાવ્યું છે.

ઘરમાંથી ૧૦.૭૬ લાખની ચોરી કરી તસ્કરો પલાયન

શહેરના પોશ વિસ્તાર ગણાતા વસ્ત્રાપુરમાંથી ઘરફોડ ચોરીનો એક બનાવ સામે આવતા પંથકમાં અરેરાટી મચી જવા પામી હતી. ઘરના પરિજનો કોઈ કારણોસર બહારગામ ગયા હતા. તે દરમિયાન તસ્કરો બંધ ઘરમાંથી ૧૦.૭૬ લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ મામલે વસ્ત્રાપુર પોલીસે ચોરીનો ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા શુકન ટાવરના ખાંચામાં હિમાહાઉસ નામના બંગલામાં હિમ્મતભાઈ સોલંકી પોતાના પરિવાર સાથે રહે છે. હિમ્મતભાઈનું ચાંગોદર ખાતે પ્લાસ્ટીકનું ગોડાઉન છે. થોડા દિવસ અગાઉ હિમ્મતભાઈ પોતાની પત્નિ માલતીબેન તથા પુત્રી સાથે કોઈ કારણોસર બહારગામ ગયા હતા. તે દરમિયાન તસ્કરો તેમના ઘર પ્રવેશ કરી ચોરી કરી ગયા હતા. આ બનાવની જાણ હિમ્મતભાઈને થતાં તે તરત જ પરત ફર્યા હતા અને તેમને તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, ઘરમાંથી સોનાના દાગીના, ૫૦ હજાર રોકડા, ઘડિયાળ મળી કુલ ૧૦.૭૬ હજાર રૂપિયાનો મુદ્દામાલ ચોરી થયો છે.

ચાંદખેડા પોલીસ દ્વારા ચેઈન સ્નેચરો પકડાયા

ચાંદખેડા પોલીસે ચેઈન સ્નેચિંગ કરનારા બે આરોપીને ઝડપી પાડી આગળની તપાસ હાથ ધરી છે. મળતી વિગત અનુસાર, અમદાવાદમાં ચેઈન સ્નેચિંગ અને લૂંટના બનાવ ઘટવાની જગ્યાએ વધતા જ જઈ રહ્યા છે. એક તરફ વાહન ચેકીંગના બહાને સામાન્ય લોકો પાસેથી પૈસા ઉઘરાવતી પોલીસ આરોપીઓને પકડવામાં હંમેશા નિષ્ફળ જ રહેતી હોય તેમ લાગી રહ્યું છે અને અમદાવાદમાં એવું જ કંઈક થોડા દિવસ પહેલાં બન્યું. શહેરના ચાંદખેડા વિસ્તારમાં સ્વાગત બંગ્લોઝ ન્યુ સીજી રોડ પાસે લોકોએ બે ચોરને પકડી પાડ્યા હતા ત્યારબાદ પોલીસને હવાલે કર્યા હતા.

શબ્દાવલી - ૫૩૯૭

૧		૨	■	૩	૪		૫
	■	૬	૭			■	
૮	૯			■	૧૦	૧૧	
■	૧૨		■	૧૩	■		■
૧૪			■	૧૫	૧૬		■
	■	૧૭	૧૮	■		■	૧૯
૨૦	૨૧	■	૨૨	૨૩		૨૪	
૨૫			■		■	૨૬	

આડી ચાવી

૧. ઋતુ (૩)
૩. જે વર્ષમાં ફેબ્રુઆરી માસના ૨૯ દિવસ હોય તેવું ઇ.સ.નું વર્ષ (૪)
૬. શાંતિ, ધીરજ (૪)
૮. વાવવાનું બી માટે રાખેલ અનાજ (૪)
૧૦. ઘુંઘટ, બુરખો (૩)
૧૨. વાસ્તે, ઓલે (૨)
૧૫. ખ્રિસ્તીઓનું નવું વર્ષ (૩)
૧૭. સાક્ષી, ઝાડ પર પાકેલી ફળ (૨)
૨૦. ધાતુનો લાગતો વધારાનો મેલ (૨)
૨૨. પક્ષ લાવતો વધારાનો મેલ (૨)
૨૫. વિમાનના ઉડ્ડાન-ઉતરાણ માટેની દ્વોડપટ્ટી (૩)
૨૬. મુશ્કેલ, કઠીન (૨)

ઊભી ચાવી

૧. એક ફળ જેનો બિમાર માણસને રસ અપાય (૩)
૨. એક સમાજ સેવિકા જેને 'મા' નું બિરૂદ મળ્યું હતું (૬)
૩. હોઠ ને અંગ્રેજીમાં... કહેવાય(૨)
૪. પડતી, અવનતિ (૩)
૫. હિજરી સનનો સાતમો મહિનો (૩)
૭. રેતનું મેદાન (૨)
૯. એક વાહન, મોટર સાઇકલ(૩)
૧૧. કુશળ, હોંશિયાર (૩)
૧૩. પલળેલા (૨)
૧૪. સાથ, સહયોગ (૪)
૧૬. વખાણ, ... કરું કયાં ઉસકી જીસને તુમ્હે બનાયા... (૩)
૧૮. પત્ર, લેટર (૨)
૧૯. ઇનામદાર (૨)
૨૧. ૨૦ મનનું માપ (૨)
૨૩. હઠ, આગ્રહ (૨)
૨૪. નખ્ખોદ, સત્યાનાશ (૨)

શબ્દાવલી ૫૩૯૬ના જવાબ

આડી ચાવી :- (૧) ખાનગી (૩) ચકમક (૬) રસમલાઇ (૭) રીલીફ (૯) કઇ (૧૧) વીંતાડવું (૧૨) ખાદી (૧૩) મોગરી (૧૪) અતી (૧૫) બનારસી (૧૭) ફર્ટીલાઇઝર (૨૦) ખજૂર (૨૧) લોપ

ઊભી ચાવી :- (૧) ખાતરી (૨) ગીરફતારી (૩) ચમકવું (૪) કલાઇ (૫) મઇ (૮) લીવીંગસર્ટી (૧૦) ગાદી (૧૨) ખાતીર (૧૪) અનાર (૧૫) બઝર (૧૬) સીરપ (૧૭) ફર્જ (૧૮) લાખ (૧૯) ઇજૂ

કૃષિ મહોત્સવ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અડાલજ, તા.૮મી જુનના રોજ અમીયાપુરા અને તા.૯મી જુનના રોજ કોટેશ્વર ગામ ખાતે ફરશે. કૃષિરથ નંબર - ૨ તા.૨૬મી મેના ચિલોડા, તા. ૨૭મી મેના રોજ ગિયોડ, તા. ૨૮મી મેના રોજ છાલા, તા. ૨૯મી મેના રોજ માદ્યવગઢ, તા. ૩૦મી મેના રોજ દશેલા, તા. ૩૧મી મેના રોજ લેકાવાડા, તા.૧ જૂનના રોજ વાંકાનેરડા, તા.૨ જૂનના રોજ મેદરા, તા. ૩ જૂનના રોજ વડોદરા, તા. ૪ જૂનના રોજ વલાદ, તા.૫મી જૂનના રોજ કરાઈ, તા. ૬ જૂનના રોજ પ્રાંતિયા, તા.૭મી જૂનના રોજ પાલજ, અને તા.૯મી જુનના રોજ રાંદેસણ ગામ ખાતે ફરશે.

દહેગામ તાલુકામાં કૃષિરથ નંબર ૩ અને ૪ ફરશે. જેમાં કૃષિરથ - ૩ તા.૨૬મી મેના રોજ દેવકરણાના મુવાડા, તા. ૨૭મી મેના રોજ વટવા, તા. ૨૮મી મેના રોજ હીલોલ, તા. ૨૯મી મેના રોજ બારડોલી બારીયા, તા. ૩૦મી મેના રોજ મીરાપુર, તા. ૩૧મી મેના રોજ બહિયલ, તા.૧ જૂનના રોજ લવાડ અને તા.૨ જૂનના રોજ રામનગર ગામ ખાતે ફરશે.

કૃષિરથ નંબર - ૪ તા.૨૬મી મેના રોજ સલકી, તા. ૨૭મી મેના રોજ અંગુથલા, તા. ૨૮મી મેના રોજ વડવાસા, તા. ૨૯મી મેના રોજ કંથારપુરા, તા. ૩૦મી મેના રોજ ઉદણ, તા. ૩૧મી મેના રોજ સગદલપુર, તા.૧ જૂનના રોજ બદપુર, તા.૨ જૂનના રોજ માછંગ મોટી, તા. ૩ જૂનના રોજ ખાડીયા અને તા. ૪ જૂનના રોજ મોતીપુરા ગામ ખાતે ફરશે.

કલોલ તાલુકામાં કૃષિરથ નંબર ૫ ફરશે. જેમાં કૃષિરથ - ૫ તા.૨૬મી મેના રોજ પીયજ, તા. ૨૭મી મેના રોજ બોરીસણા, તા. ૨૮મી મેના રોજ સબાસપુર, તા. ૨૯મી મેના રોજ વાંસજડા (ક), તા. ૩૦મી મેના રોજ ઉસ્માનાબાદ, તા. ૩૧મી મેના રોજ ઘાનજ, તા.૧ જૂનના રોજ સાંતેજ, તા.૨ જૂનના રોજ રણછોડપુરા, તા. ૩ જૂનના રોજ વાયણા, તા. ૪ જૂનના રોજ હાજીપુરા, તા.૫મી જૂનના રોજ લાખાના મુવાડા, તા. ૬ જૂનના રોજ પહાડીયા, તા.૭મી જૂનના રોજ હાથીજણ, તા.૮મી જુનના રોજ કૃષ્ણનગર કોઠી અને તા.૯મી જુનના રોજ મીઠાના મુવાડ ગામ ખાતે ફરશે.

માણસા તાલુકામાં કૃષિરથ નંબર- ૭ ફરશે. જેમાં કૃષિરથ - ૭ તા.૨૬મી મેના રોજ આનંદપુરા, તા. ૨૭મી મેના રોજ પુંદ્યરા, તા. ૨૮મી મેના રોજ મહુડી, તા. ૨૯મી મેના રોજ કુવાદરા, તા. ૩૦મી મેના રોજ લોદરા, તા. ૩૧મી મેના રોજ રાઠોડ પાલડી, તા.૧ જૂનના રોજ હિંમતપુરા(બા), તા.૨ જૂનના રોજ મંડાલી, તા. ૩ જૂનના રોજ ગોવિંદપુરા, તા. ૪ જૂનના રોજ હરણાહોડા, તા.૫મી જૂનના રોજ ખાટાઆંબા, તા. ૬ જૂનના રોજ ઈટાદરા, તા.૭મી જૂનના રોજ ગુલાબપુરા, તા.૮મી જુનના રોજ પ્રતાપનગર અને તા.૯મી જુનના રોજ અમરાપુરા(ગ્રા) ગામ ખાતે ફરશે.

કૃષિરથ નંબર - ૬ કલોલ અને માણસા તાલુકાના વિવિદ્ય ગામમાં ફરશે. તા.૨૬મી મેના રોજ મુબારકપુરા, તા. ૨૭મી મેના રોજ સોજા, તા. ૨૮મી મેના રોજ ચાંદીસણા, તા. ૨૯મી મેના રોજ નારદીપુર, તા. ૩૦મી મેના રોજ પલીયડ, તા. ૩૧મી મેના રોજ નવા, તા.૧ જૂનના રોજ પાનસર, તા.૨ જૂનના રોજ ઓળા, તા.૫મી જૂનના રોજ આરસોડિયા, તા. ૬ જૂનના રોજ મોખાસણ, તા.૭મી જૂનના રોજ વેડા, તા.૮મી જુનના રોજ વાગોસણા અને તા.૯મી જુનના રોજ ઈટલા ગામ ખાતે ફરશે.

તે ઉપરાંત કૃષિરથ નંબર - ૬ તા. ૩ જૂનના રોજ રિદ્રોલ, તા. ૪ જૂનના રોજ પાટણપુરા, તા.૫મી જૂનના રોજ આનંદપુરા સો., તા. ૬ જૂનના રોજ દ્યમેડા, અને તા.૯મી જુનના રોજ ભીમપુરા ગામ ખાતે ફરશે.

બિહારના નવા મુખ્યમંત્રી

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦૧૪માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં ઉમેદવાર રહ્યા હતા. માંઝી ગયા બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા પરંતુ હારી ગયા હતા અને ત્રીજા નંબર ઉપર રહ્યા હતા. જીતનરામ માંઝી નીતિશકુમારના નજીકના વિશ્વાસું હોવાનું જાણવા મળી રહ્યું છે. માંઝી મહા દલિત છે અને લાંબા ગાળા બાદ કોઈ મહાદલિત વ્યક્તિ બિહારના મુખ્યમંત્રી તરીકે શપથ લેનાર છે. જ્યારે નીતિશકુમાર પ્રથમ વખત રાજ્યમાં સરકાર બનાવી રહ્યા હતા ત્યારે જ જીતનરામ માંઝીનું નામ મંત્રીઓની યાદીમાં હતુ પરંતુ તેમના ઉપર એક શિક્ષણ કૌભાંડના આક્ષેપ થયા હતા જેથી તેમના નામ ઉપર બ્રેક મુકાઈ હતી. તેમને રાતોરાત રાજીનામું આપવાની ફરજ પડી હતી. નીતિશકુમારને મુખ્યમંત્રી બનાવવા જેડીયુના સભ્યો ઈચ્છા રાખતા હતા પરંતુ નીતિશકુમારે સભ્યોની વાત સ્વીકારી નથી. જેડીયુની જવાબદારી સંભાળીને પક્ષને ફરીવાર મજબૂત કરવાની ઈચ્છા નીતિશકુમાર ધરાવે છે. નીતિશનું કહેવું છે કે જો જેડીયુને ફરી બહુમતિ મળશે તો જ તેઓ બિહારના મુખ્યમંત્રી તરીકે સત્તારૂઢ થશે.

આગાહીના ડેટા

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેની પાસે વિશ્વભરનાં હવામાન રીપોર્ટ હોય છે તે કરાંચી લાહોરનાં રીપોર્ટ મેળવે છે ભારત તેની પાસેથી આ માહિતી મેળવે છે. પણ તે સ્થાનિક મેટ્રન નિશ્ચિત કરી શકતી નથી. ગુજરાતના પાક પાડોશી આકાશનાં વાદળોમાં ભેજ તેની ગતિ અને અન્ય માહિતી જે માવઠાની સ્થિતિ નક્કી કરવા મહત્વની છે તે પુરી ચોક્કસ મળતી નથી. મુંબઈનું રડાર પણ પુરતું સક્ષમ નથી. આ ઉપરાંત હવામાન ખાતું આકાશમાં વાદળોની અંદરના ભેજ વિ.ની સ્થિતિ જાણવા બલુન છોડે છે જે દિવસોમાં બે વખત છોડાય છે અને ૨૦ કિમીની ઊંચાઈએ જાય છે પણ અમદાવાદ હવામાન કચેરીનાં બલુન ૭ કિ.મી. સુધીની જ પરિસ્થિતિનાં ડેટા મોકલે તેવા સક્ષમ છે.

આ બલુન થોડા હજાર રૂપિયાના છે ભારતમાં વિવિધ હવામાન કચેરી રોજ ૫૦૦ બલુન છોડે છે. ઉપરાંત હવામાનની ચોક્કસ આગાહી માટે હવે જે બે પ્રકારના રડાર રીયલ હાઈટ ઈન્ડીકેટર (આરએસઆઈ) અને, પ્લાન્ડ પોઝીશન ઈન્ટીકેટર (પીપીઆઈ)ની સંયુક્ત વિગતો આગાહીને ચોક્કસ બનાવે છે પણ અમદાવાદમાં તે પણ નથી.

અનુભવ વૃદ્ધ અડવાણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૯૨૭ના રોજ સિંધ પ્રાંતના કરાંચીમાં થયો હતો. તેમણે ૮૪ વર્ષની વયે ગાંધીનગર બેઠક પરથી ઝંપલાવી જીત હાંસલ કરી હતી. જૂનાગઢના સાંસદ રાજેસ ચુડાસમા સૌથી યુવાન છે. તેઓ ૩૧ વર્ષની વયે સંસદસભ્ય બન્યા છે. કચ્છના એમ.પી. વિનોદ ચાવડા ૩૫ વર્ષ છે. કચ્છ જિલ્લાના ઈતિહાસમાં તેઓ સૌથી યુવાન સાંસદ બન્યા છે.

દેશનું સુકાન સંભાળનાર નરેન્દ્ર મોદીનો જન્મ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૫૦નાં રોજ મહેસાણા જિલ્લાના વડનગરમાં થયો હતો. ભાજપમાં વડાપ્રધાન પદના અન્ય દાવેદારોમાં તેઓ ઓછી વયના હોવાથી અને અડવાણીને ૨૦૦૯માં એકવાર તક અપાઈ હતી પરંતુ તેઓ નિષ્ફળ નિવડયા હોવાથી પીએમ પદના ઉમેદવાર તરીકે ૬૩ વર્ષીય નરેન્દ્ર મોદીની પસંદગી કરવામાં આવી હતી.

ગુજરાતના અન્ય સાંસદોમાં જામનગરના પૂનમ માડમ ૩૯ વર્ષીય છે. બારડોલીના પરભુ વસાવા (૪૪), દાહોદના જશવંતસિંહ ભાંભોર (૪૭), દેવુસિંહ ચૌહાણ (૪૯), ભાવનગરના ભારતીબેન શિયાળ (૫૦), નવસારીના સી.આર. પાટિલ (૫૩), મહેસાણાના જયશ્રીબેન પટેલ (૫૫), સાબરકાંઠાના દીપસિંહ રાઠોડ (૬૨), રાજકોટના મોહન કુંડારિયા (૬૨), છોટા ઉદેપુરના રામસિંહ રાઠવા (૬૩), ડૉ. કિરીટ સોલંકી (૬૪), વલસાડના કે.સી. પટેલ (૬૫), પંચમહાલના પ્રભાતસિંહ ચૌહાણ (૭૫) અને પાટણના લીલાધર વાઘેલા ૮૦ વર્ષના છે.